પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૮૪ ● કુલ પાના : ૪ ● તારીખ : ૩૦-૧૧-૨૦૨૨ બુધવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## પ્રથમ તબક્કામાં તા. ૧ ડિસેમ્બર,૨૦૨૨ ના મતદાન યોજાશે

# પ્રથમ તબક્કામાં ૧૯ જિલ્લાની ૮૯ બેઠક માટે ચુંટણી પ્રચારના પડધમ શાંત થયા

ગાંધીનગર,

ગુજરાતમાં કુલ બે તબક્કામાં વિધાનસભા ચૂંટણી યોજાવાની છે. ગુજરાતમાં પ્રથમ તબક્કામાં ૧ ડિસેમ્બર અને બીજા તબક્કામાં ૫ ડિસેમ્બરે મતદાન થવાનું છે.પ્રથમ તબક્કાના ૧૯ જિલ્લાઓની ૮૯ બેંઠકો માટે તા. ૧ ડિસેમ્બર, ૨૦૨૨ના મતદાન યોજાશે જેના માટે આજે સાંજે પાંચ વાગે ચુંટણી પ્રચારના પડધમ શાંત થઈ ગયા છે. હવે ઉમેદવારો ચુંટણી રેલી,સરઘસ કે જાહેરસભાઓ યોજી શકશે નહીં જો કે ઘેર ઘેર જઈ ચુંટણી પ્રચાર કરી શકશે હવે જેથી બે બેઠકો પર મતદાન થનાર છે તેમાં મતદાર ન હોય તેવા અને મત



વિભાગમાં પ્રચાર અર્થે બહારથી આવેલા કોઈ પણ પક્ષના રાજકીય કાર્યકર્તા, પક્ષના પ્રચારક વગેરે ચૂંટણી પ્રચારનો અંત આવતાં જ તેમને મત વિસ્તાર છોડી દેવો પડશે.

ચુંટણી પ્રચારના અંતિમ દિવસે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગુજરાતના અલગ અલગ વિસ્તારોમાં ચૂટણી સભા ગજવી હતી. જેમા ગરબડા, ઠસરા કપડવંજ અને અમદવાદમાં અમરાઈવાડીમાં ચૂંટણી પ્રચાર કર્યો હતો તો બીજી તપફ કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની ગાંધીધામમાં રોડ શો કર્યો હતો આ સિવાય માંડવી, વેજલપુર અમદવાદ ઘીકાંટા પોસ્ટ ઓફિસ પાસે પણ જાહેર સભાને સંઘબોન કર્યું હતું. ગુજરાતના મુખ્યમંત્રી પાટણ ખાતે ભવ્ય રોડ શો કર્યો હતો તો તેની સાથે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડા પણ ગુજરાતમાં દેવગઢ બારીયામાં જાહેરસભાને સંબોધન કર્યું હતું આ ઉપરાંત ભાવનગરમાં રોડ શો અને વડોદરમાં જાહેર સભાને સંબોધન કર્યું હતું.

પ્રથમ તબક્કામાં ૧૯ જિલ્લામાં થનાર મતદાન માટે કુલ ૨,૩૯,૭૬,૬૭૦ મતદાર પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકશે, જેમાં ૧,૨૪,૩૩,૩૬૨ પુરુષ, ૧,૧૫,૪૨,૮૧૧ મહિલા તથા ૪૯૭ ત્રીજી જાતિના મતદારોનો સમાવેશ થાય છે. જ્યારે બીજા તબક્કામાં ૧૪ જિલ્લામાં યોજાનાર મતદાન માટે કુલ ૨,૫૧,૫૮,૭૩૦ મતદાર મત આપી શકશે, જેમાં ૧,૨૯,૨૬,૫૦૧ પુરૂષ, ૧,૨૨,૩૧,૩૩૫ મહિલા અને ૮૯૪ ત્રીજી જાતિના મતદારોનો સમાવેશ થાય છે. એમ બંને તબક્કામાં થઈ ૨,૫૩,૫૯,૮૬૩ પુરુષ, ૨,૩૭,૭૪,૧૪૬ મહિલા અને ૧,૩૯૧ ત્રીજી જાતિના મળી કુલ ૪,૯૧,૩૫,૪૦૦ મતદારો નોંધાયેલા છે.

૧ ડિસેમ્બરે ૧૯ જિલ્લાની ૮૯ બેઠક માટે પ્રથમ તબક્કાનું મતદાન યોજાવાનું છે તેમાં -કચ્છ જિલ્લો : બેઠકોના નામ : જિલ્લો : બેઠકોના નામ : અબડાસા, માંડવી, ભુજ, અંજાર, ગાંધીધામ, રાપર, -સુરેન્દ્રનગર જિલ્લો : બેઠકોના નામ : દસાડા (SC), લીમડી, વઢવાણ, ચોટીલા, ધ્રાંગધ્રા, -મોરબી જિલ્લો : બેઠકોના નામ : મોરબી, ટંકારા, વાંકાનેર,-રાજકોટ જિલ્લો : બેઠકોના નામ : રાજકોટ પૂર્વ, રાજકોટ પશ્ચિમ, રાજકોટ દક્ષિણ, રાજકોટ ગ્રામ્ય જસદણ, ગોંડલ, જેતપુર, ધોરાજી, -જામનગર જિલ્લો : બેઠકોના નામ : કાલાવડ, જામનગર (ગ્રામ્ય), જામનગર (ઉત્તર), જામનગર દક્ષિણ, જામજોધપુર, ખંભાળિયા, દ્વારકા, પોરબંદર, -દેવભૂમિ દ્વારકા જિલ્લો : બેઠકોના નામ : ખંભાળિયા, દ્વારકા, પોરબંદર, -પોરબંદર જિલ્લો : બેઠકોના નામ : કુતિયાણા, માણાવદર, -જૂનાગઢ જિલ્લો : બેઠકોના નામ : જૂનાગઢ, વીસાવદર, કેશોદ, માંગરોળ,-ગીર-સોમનાથ જિલ્લો : બેઠકોના નામ : સોમનાથ, તલાલા, કોડિનાર, ઉના, -અમરેલી જિલ્લો : બેઠકોના નામ : ધારી, અમરેલી, લાઠી, સાવરકુંડલા, રાજુલા,-ભાવનગર જિલ્લો : બેઠકોના નામ : મહુવા, તળાજા, ગારિયાધર, પાલીતાણા, ભાવનગર ગ્રામ્ય, ભાવનગર પૂર્વ, ભાવનગર પશ્ચિમ,-બોટાદ જિલ્લો : બેઠકોના નામ : ગઢડા,બોટાદ,નર્મદા જિલ્લો : બેઠકોના નામ : નાંદોદ, દેડિયાપાડા -ભરૂચ જિલ્લો : બેઠકોના નામ : જંબુસર, વાગરા, ઝઘડિયા,ભરૂચ, અંકલેશ્વર,-સુરત જિલ્લો : બેઠકોના નામ : ઓલપાડ, માંગરોળ,માંડવી, કામરેજ, સૂરત પૂર્વ, સુરત ઉત્તર, વરાછા રોડ, કારંજ, લિંબાયત, ઉધના, મજુરા, કતારગામ, સુરત પશ્ચિમ, ચોર્યાસી, બારડોલી,મહુવા -તાપી જિલ્લો : બેઠકોના નામ : વ્યારા, નિઝર -ડાંગ જિલ્લો : બેઠકોના નામ : ડાંગ -નવસારી જિલ્લો : બેઠકોના નામ: જલાલપોર, નવસારી, ગણદેવી, વાંસદા -વલસાડ જિલ્લો : બેઠકોના નામ : ધરમપુર, વલસાડ, પારડી, કપરાડા, ઉમરગામનો સમાવેશ થાય છે.

## ગુજરાત સાંજ પડતા જ ઠંડાગાર થઈ જશે

# આજથી વાતાવરણમાં પલટો આવશે : સાંજ પડતાની સાથે જ રાજ્યમાં ઠંડીનો ચમકારો વધશે

અમદાવાદ,

શિયાળો શરૂ તો થઈ ગયો છે પણ હજુ સુધી જોઈએ એવી ઠંડી પડતી નથી. રાત્રે ઠંડી અનુભવાય છે પણ દિવસ દરમ્યાન વાતાવરણ ગરમ રહેતું હોય છે. પણ હવામાન વિભાગની આગાહી મુજબ આજથી વાતાવરણમાં પલટો આવશે. સાંજ પડતાની સાથે જ રાજ્યમાં ઠંડીનો ચમકારો વધશે. આજ સાંજથી અમદાવાદ સહિત રાજ્યના કેટલાંક શહેરોમાં વાતાવરણમાં બદલા આવશે. વાતાવરણમાં પલટાને કારણે રાજ્યના કેટલાંક શહેરો ઠંડાગાર થઈ જશે.

ગુજરાતમાં ધીરે ધીરે ઠંડી જમાવટ કરી રહી છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ કેટલાક શહેરોમાં રાત્રિના સમયે તાપામાન ૧૮ ડિગ્રી થઈ જશે. જેના કારણે તો સાંજ પડતા જ મોટા ભાગના શહેરોમાં ઠંડક વર્તાવા લાગશે. વાતાવરણ બદલાતા આજથી રીતસર ઠંડીનો ચમકારો અનુભાવાશે. આજે અમદાવાદ, ગાંધીનગર, દ્વારકા, પોરબંદર, ગીર-સોમનાથ, મોરબી અને ભરૂચ જિલ્લામાં રાત્રિના તાપમાનનો પારો ૧૮થી ૨૦ ડિગ્રીની આસપાસ રહેશે. તાપમાન ઘટતા આ જિલ્લાઓમાં અચાનક ઠંડી વધી ગઈ હોવાનો અહેસાસ થશે. તેથી સાંજે બહાર નીકળતા હોવ તો ગરમ કપડાં કે સાલ સાથે રાખવાનું ના ભૂલતા.

અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૩૭ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૧૯ ડિગ્રી અનુભવાશે. અમરેલીમાં મહત્તમ તાપમાન ૨૧



ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ડિગ્રી ૨૧ અનુભવાશે. અરવલ્લીમાં પણ મહત્તમ તાપમાન ૩૪ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૧૯ ડિગ્રી અનુભવાશે. બનાસકાંઠામાં મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૨૦ ડિગ્રી અનુભવાશે. જ્યારે સાબરકાંઠામાં મહત્તમ તાપમાન ૩૦ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૨૭ ડિગ્રી રહેશે.

પાટણમાં મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રી તથા ન્યૂનતમ તાપમાન ૨૭ ડિગ્રી રહેશે. દાહોદમાં મહત્તમ તાપમાન ૩૪ ડિગ્રી અનુભવાશે. તો ન્યૂનતમ તાપમાન ૨૩ ડિગ્રી રહેશે. બોટાદનું મહત્તમ તાપમાન ૩૬ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૨૧ ડિગ્રી અનુભવાશે. જ્યારે ભાવનગરમાં મહત્તમ તાપમાન ૩૪ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૧૯ ડિગ્રી અનુભવાશે. જ્યારે છોટા ઉદેપુરમાં મહત્તમ તાપામાન ૩૩ ડિગ્રી તથા ન્યૂનતમ તાપમાન ૨૦ ડિગ્રી થશે જેના લીધે મોડી રાત્રે તેમજ વહેલી સવારે ઠંડીનો અનુભવ થશે.

જ્યારે જામનગરમાં મહત્તમ તાપમાન ૩૪ ડિગ્રી તથા ન્યૂનત્તમ તાપમાન ૨૦ ડિગ્રી રહેશે. તો જૂનાગઢમાં મહત્તમ તાપમાન ૩૪ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૧૯ ડિગ્રી અનુભવાશે અને ઠંડકનો અનુભવ થશે. મહિસાગર જિલ્લામાં મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૨૫ ડિગ્રી રહેશે. જ્યારે નર્મદા જિલ્લાનું મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૨૫ ડિગ્રી રહેશે. મહેસાણામાં મહત્તમ તાપમાન ૩૪ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૨૪ ડિગ્રી રહેશે. તો રાજકોટ જિલ્લામાં મહત્તમ તાપમાન ૨૭ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૨૭ ડિગ્રી રહેશે. જ્યારે મોરબીમાં મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રી તથા ન્યૂનતમ તાપમાન ૨૨ ડ઼ગ્રી રહેશે. જ્યારે વડોદરામાં મહત્તમ તાપમાન ૩૬ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૨૩ ડિગ્રી રહેશે. જ્યારે વલસાડમાં મહત્તમ તાપામન ૩૭ ડિગ્રી રહેશે. તેમજ લઘુત્તમ તાપમાન ૨૧ ડિગ્રી રહેશે. જ્યારે તાપીમાં મહત્તમ તાપમાન ૩૬ ડિગ્રી અને ન્યૂનત્તમ તાપમાન ૨૦ ડિગ્રી રહેશે.

# ૫૦ પૈસા, એક રૂપિયાના જુના સિકકા ચલણમાંથી પાછા ખેંચાયા

નવીદિલ્હી,

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ કેટલીક શ્રેણીના ચલણી સિકકાઓને સરકયુલેશનમાંથી પાછા ખેંચ્યા છે. ૫૦ પૈસા તથા એક રૂપિયાના આ સિકકા બેંકમાં જમા કરાવાયા બાદ બેંકો તે ફરી ચલણમાં નહીં મુકે. મોંઘવારીના વર્તમાન યુગમાં એક રૂપિયાની કોઈ ખાસ કિંમત રહી નથી. રીઝર્વ બેંકની માર્ગદર્શિકાને ટાંકીને દિલ્હી સ્થિત આઈસીઆઈસીઆઈ બેંકની બ્રાંચમાં નોટીસ મુકવામાં આવી છે અને તેમાં કેટલીક શ્રેણીના સિકકા રી-ઈસ્યુ નહીં થવાનુ જણાવાયુ છે. એવી ચોખવટ કરવામાં આવી છે કે તમામ સિકકા કાયદેસરના જ છે. પરંતુ બેંકોમાં જમા થયા બાદ ફરીવાર ચલણમાં નહીં મુકાય. ૧૯૯૦ તથા ૨૦૦૦ના દાયકામાં ચલણમાં રહેલા ૫૦ પૈસા તથા એક રૂપિયાના અમુક સિકકાને આ માર્ગદર્શિકા લાગુ થશે.

માર્ગદર્શિકા મુજબ કુપરોનીકલના ૨૫, ૫૦ પૈસા તથા એક રૂપિયાના સિકકા, સ્ટેનલેસ સ્ટીલના ૧૦ પૈસાના, એલ્યુમીનીયમના પાંચ, દસ તથા વીસ પૈસાના સિકકા રી-ઈસ્યુ નહીં થઈ શકે. આ તમામ સિકકા વ્યવહારમાં ચાલુ જ રહેશે. પરંતુ બેંકમાં જમા થયા બાદ સરકયુલેશનમાં પાછા નહીં આવે.

# પુલવામાં હુમલાના આરોપી જૈશના ૫ આતંકવાદીઓને આજીવન કેદની સજા

નવીદિલ્હી,

આતંકી સંગઠન જૈશ-એ-મોહમ્મદના ૫ આતંકવાદીઓને દિલ્હી સ્થિત પટિયાલા હાઉસ કોર્ટે સોમવારે આજીવન કેદની સજા સંભળાવી હતી. પુલવામા કેન્દ્રીય રિઝર્વ પોલીસ ફોર્સના કાફલા પર હુમલો કરવા અને ષડયંત્ર રચવા માટે કોર્ટે આ સજા સંભળાવી છે. આ ૫ આતંકવાદીઓમાં સજ્જાદ અહમદ ખાનનું નામ પણ સામેલ છે, જેણે પુલવામામાં CRPFના કાફલા પર હુમલા દરમિયાન સુરક્ષા બળોની અવર-જવર બાબતે જાણકારી આપી હતી.

પટિયાલા હાઉસ કોર્ટે બધા ૫ આતંકવાદીઓને આખા દેશમાં આતંકી ગતિવિધિઓને અંજામ આપવા માટે યુવાઓની ભરતી કરવા અને તાલીમ આપવાનો દોષી ઠેરવ્યો. વિશેષ ન્યાયાધીશ શૈલેન્દ્ર મલિકે સજ્જાદ અહમદ ખાન, બિલાલ અહમદ મીર, મુઝફ્ફર અહમદ ભટ અને મહરાજુદ્દીનને આ સજા સંભળાવી છે.



ન્યાયાધીશે આ કેસમાં તનવીર અહમદ ગનીને ૫ વર્ષની સજા સંભળાવી છે. કોર્ટે કહ્યું કે, બધા દોષીઓએ મળીને ભારત વિરુદ્ધ યુદ્ધ છેડવાનું કાવતરું રચ્યું હતું.

તેણે કહ્યું કે, દોષી ન માત્ર જૈશના સભ્ય હતા, પરંતુ આતંકવાદીઓને હથિયારો, ગોળા બારૂદ અને રસદ ઉપલબ્ધ કરાવીને સહયોગ કરતા હતા. આ પાંચ આતંકવાદીઓમાં સજ્જાદ અહમદ ખાનનું નામ પણ સામેલ છે. જેણે પુલવામામાં સીઆરપીએફના કાફલા પર હુમલા દરમિયાન સુરક્ષાબળોની અવર-જવર બાબતે જાણકારી આપી હતી. ન્યાયાધીશે કહ્યું કે, આરોપી જમ્મુ-કશ્મીરના સ્થાનિક લોકોને ઉગ્રવાદમાં જવા માટે પ્રેરિત કરવા અને આતંકવાદી કૃત્યોને અંજામ આપવા માટે ધનની વ્યવસ્થા વગેરેમાં પણ સામેલ હતા.

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ માર્ચ ૨૦૧૯માં આ હુમલાના પ્રાથમિકી નોંધીને તપાસ શરૂ કરી હતી. તપાસ એજન્સીએ કહ્યું કે, ભારતમાંઆ આતંકી ગતિવિધિઓને અંજામ આપવા માટે પાકિસ્તાનમાં બેઠા હેન્ડલર્સે દોષીઓને તાલીમ આપી હતી. કોર્ટે કહ્યું કે, જૈશ પ્રમુખ મૌલાના મસૂદ અહમદના ભાઈ મુફ્તી રઉફ અસગરે જૈશના અન્ય વરિષ્ઠ કમાન્ડરો સાથે મળીને ભારત વિરુદ્ધ યુદ્ધ છેડવાનું એક મોટું ષડયંત્ર રચ્યું. કોર્ટે કહ્યું કે, ષડયંત્ર હેઠળ હાલમાં જ મોટી સંખ્યામાં અજાણ્યા પાકિસ્તાન પ્રશિક્ષિત આતંકવાદીઓ, હથિયારોના પ્રશિક્ષકોએ ગેરકાયદેસર રીતે ભારતીય ક્ષેત્રમાં ઘૂસણખોરી કરી છે.

જમ્મુ-કશ્મીરના પુલવામાં જિલ્લામાં ઝઈંહ્નના કાફલા પર ૨૦૧૯માં થયેલા આતંકી હુમલામાં ૪૦ જવાન શહીદ થઈ ગયા હતા. એનઆઈએના દાવા મુજબ, પુલવામા હુમલા દરમિયાન સીઆરપીએફના કાફલા બાબતે સજ્જાદ અહમદે જાણકારી આપી હતી. કોર્ટે કહ્યું કે, બધા આરોપીઓએ મળીને વતન વિરુદ્ધ જંગ છેડવાનું ષડયંત્ર રચ્યું હતું. ગુનેગારો ન માત્ર જૈશના સભ્ય હતા, પરંતુ તેઓ આતંકવાદી હથિયાર, ગોળા-બારૂદ અને રસદ ઉપલબ્ધ કરાવીને મદદ કરતા હતા.

# નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટેના બજેટની તૈયારીઓ, ઘણા સુધારા સાથે પગારદાર લોકોને સૌથી વધુ ફાયદો થશે

નવીદિલ્હી,

નાણામંત્રી નિર્મલા સીતારમણે પોતે અત્યાર સુધીમાં બજેટ પર આઠ રાઉન્ડની ચર્ચામાં ભાગ લીધો છે. નાણામંત્રીએ આગામી નાણાકીય વર્ષના બજેટની તૈયારીઓને લઈને વિવિધ પક્ષો સાથે બેઠકો પૂર્ણ કરી છે. જો નાણા મંત્રાલય દ્વારા આ સૂચનોનો અમલ કરવામાં આવશે તો પગારદાર લોકોને સૌથી વધુ ફાયદો થશે. વ્યક્તિગત આવકવેરામાં ઘટાડો, રોજગાર સર્જન માટે કાર્યક્રમો તૈયાર કરવા, અર્થતંત્રને વેગ આપવા માટે ખર્ચ વધારવા અને કેટલાક ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાનો સમાવેશ થાય છે. જેના સૂચનો પ્રાપ્ત થયા છે. ૨૧મી નવેમ્બરથી ઈન્ડસ્ટ્રી સાથેની બેઠક સાથે બજેટ પર મંથન શરૂ થયું હતું. તે ૨૮ નવેમ્બરના રોજ અર્થશાસ્ત્રીઓ સાથે ચર્ચા કરીને સમાપ્ત થયું. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪નું બજેટ ૧ ફેબ્રુઆરીએ સંસદમાં રજૂ કરવામાં આવશે.

નાણા મંત્રાલયની માહિતી અનુસાર બજેટને લઈને અલગ-અલગ પ્રતિનિધિઓએ ઘણા સૂચનો આપ્યા છે. તેમાં રોજગારીની તકો વધારવા માટે શહેરી રોજગાર ગેરંટી કાર્યક્રમ લાવવાના સૂચનો, એમએસએમઈને મદદ કરવા માટે ગ્રીન સર્ટિફિકેશનની સિસ્ટમ અને આવકવેરાને તર્કસંગત બનાવવાનો સમાવેશ થાય છે. આ સિવાય સ્થાનિક પુરવઠા પ્રણાલીમાં સુધારો કરવા, ઈલેક્ટ્રિક વાહનો પર ટેક્સ ઘટાડવા, ગ્રીન હાઈડ્રોજનના કેન્દ્ર તરીકે ભારતને પ્રોત્સાહન આપવાના પગલાંનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, અસંગઠિત ક્ષેત્રના કર્મચારીઓને બાળકો માટેની સામાજિક લાભ યોજના, ઈજીંઝના દાયરામાં લાવવા જેવા સૂચનો પણ આપવામાં આવ્યા હતા. વિવિધ પક્ષોએ જાહેર ખર્ચ ચાલુ રાખવા, રાજકોષીય એકત્રીકરણ અને કસ્ટમ ડ્યુટીમાં ઘટાડો જેવા સૂચનો પણ આપ્યા હતા. મંત્રાલયે કહ્યું, 'આઠ બેઠકોમાં સાત અલગ-અલગ પક્ષોના ૧૧૦ થી વધુ પ્રતિનિધિઓએ હાજરી આપી હતી.' સીતારમણે કહ્યું કે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે બજેટ તૈયાર કરતી વખતે સૂચનોને કાળજીપૂર્વક ધ્યાનમાં લેવામાં આવશે.

## કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ વડાપ્રધાનમોદીને રાવણ કહ્યાં

# સુરતમાં એક જાહેરસભા દરમિયાન ખડગેએ પોતાને અસ્પૃશ્ય અને વડાપ્રધાન મોદીને જુઠ્ઠાણાંના સરદાર જણાવ્યા હતા

અમદાવાદ,

ગુજરાતની ૮૯ બેઠકો પર મતદાન માટેનો ચૂંટણી પ્રચારનો અંત આવ્યો છે આથી સ્વાભાવિક છે કે, તમામ રાજકીય પક્ષોએ પોતાનું છેલ્લું અને સૌથી મહત્ત્વનું હથિયાર કાઢી નાખ્યું હતું જ્યારે વડાપ્રધાન મોદીએ કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા તો કોંગ્રેસે પણ તેમના પર સીધુ નિશાન સાધ્યું છે. જીહા, હવે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પણ એન્ટ્રી લીધી અને વડાપ્રધાનને જૂઠ્ઠાણાનો નેતા કહ્યા છે. આટલું જ નહીં મોતના સૌદાગર બાદ હવે તેમની તુલના રાવણ સાથે કરવામાં આવી છે.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ વડાપ્રધાન મોદીને લઈને વિવાદિત નિવેદન આપ્યું છે. તેમણે વડાપ્રધાન મોદીની સરખામણી રાવણ



સાથે કરી છે. ખડગેએ પૂછ્યું કે દરેક ચૂંટણીમાં લોકો તમારા ચહેરા પર કેમ વોટ આપે? તેમણે પૂછ્યું કે લોકોએ તમારો ચહેરો કેટલી વાર જોવો જોઈએ. ખડગેએ આ નિવેદન એવા સમયે આપ્યું છે જ્યારે વડાપ્રધાન મોદીએ કોંગ્રેસ નેતા મધુસૂદન મિસ્ત્રીના 'ઓકાત દિખા દેંગે' નિવેદનને ચૂંટણીનું હથિયાર બનાવ્યું છે.

કોંગ્રેસ અધ્યક્ષે કહ્યું કે, ''ભાજપ કહે છે કે નગરપાલિકાની ચૂંટણીમાં પણ મોદીને મત આપોપ શું મોદી અહીં કામ કરવા આવશે. વડાપ્રધાન હંમેશા પોતાના વિશે જ બોલે છે. કોઈની તરફ ન જુઓ અને મોદીને જોઈને મત આપો. કેટલી વાર તમારો ચહેરો જોવો કોર્પોરેશનમાં પણ તમારો ચહેરો જોયો, ધારાસભ્યની ચૂંટણીમાં પણ તમારો ચહેરો જોયો, સાંસદની ચૂંટણીમાં પણ તમારો ચહેરો જોયો..બધે.. શું તમારી પાસે રાવણ જેવા ૧૦૦ ચહેરા છે?ખડગેએ સુરતની સભામાં જે પણ કહ્યું હતું એ અમે અહીં રજૂ કરી રહ્યા છીએ. ખડગેએ કહ્યું, "તમારા જેવા માણસ, જે હંમેશાં દાવો કરે છે કે હું ગરીબ છું. અરે ભાઈ, અમે પણ ગરીબ છીએ. અમે ગરીબોમાં સૌથી ગરીબ છીએ. અમે તો અસ્પૃશ્યોની વચ્ચે આવીએ છીએ. ઓછામાં ઓછી તમારી ચા તો કોઈ પીવે છે, મારી ચા પણ કોઈ પીતું નથી. અને પછી તમે કહો છો - હું ગરીબ છું. કોઈએ મને અપશબ્દો કહ્યા, મારી તો શું તાકાત છે.

હવે આ નિવેદનને લઈને ભાજપના નેતા અને પ્રવક્તા સંબિત પાત્રાએ પ્રેસ કોન્ફરન્સ કરીને કોંગ્રેસ પર જોરદાર નિશાન સાધ્યું છે. સંબિત પાત્રાએ કહ્યું કે, વડાપ્રધાન મોદીને રાવણ કહેવું એ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ઘોર અપમાન છે. તેમણે ગુજરાતની જનતાને આ અપમાનનો બદલો લેવા કહ્યું છે. ગુજરાતની જનતાને અપીલ કરતા તેમણે કહ્યું કે, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના PM મોદી પર રાવણવાળા નિવેદન પર સંબિતે કહ્યું કે, ગુજરાતના પુત્ર માટે આવી ભાષાનો ઉપયોગ કરવો યોગ્ય નથી. આ નિંદનીય છે અને કોંગ્રેસની માનસિકતા દર્શાવે છે. તેમણે કહ્યું કે આ માત્ર વડાપ્રધાન મોદીનું અપમાન નથી. આ દરેક ગુજરાતીનું અપમાન છે, ગુજરાતનું અપમાન છે. વધુમાં તેમણે કહ્યું કે, સોનિયા ગાંધીએ એક સમયેઁ સ મોદીને મોતના સૌદાગર કહ્યા હતા અને આજે તેમના કહેવા પર તેમની પાર્ટીના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને રાવણ કહ્યા છે. આ ખડગેના નહીં પણ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીના શબ્દો છે.

બીજેપી આઈટી સેલના વડા અમિત માલવિયાએ મંગળવારે કહ્યું હતું કે ખડગે ગુજરાત વિધાનસભા ચૂંટણીનું દબાણ સહન કરી શકતા નથી.ઉલ્લેખનીય છે કે, ખડગેએઁ સ મોદીને રાવણ કહેવા સામે સખત વાંધો વ્યક્ત કરતા ભાજપે આક્ષેપ કર્યો હતો કે, કોંગ્રેસ અધ્યક્ષે સોનિયા ગાંધીના કહેવા પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું અપમાન કર્યું છે અને ગુજરાતની જનતા કોંગ્રેસ પાસેથી બદલો લેશે. મહત્વનું છે કે, ગુજરાતમાં બે તબક્કામાં મતદાન થવાનું છે. ૧૮૨ બેઠકો ધરાવતા રાજ્યમાં ૧ ડિસેમ્બર અને ૫ ડિસેમ્બરે મતદાન થશે. જ્યારે પરિણામ ૮ ડિસેમ્બરે આવશે. ૨૭ વર્ષથી સત્તામાં રહેલી ભાજપ આ વખતે પણ ચૂંટણી જીતવા માટે પૂરા પ્રયાસ કરી રહી છે. તો બીજી તરફ કોંગ્રેસનો પ્રયાસ ભાજપને સત્તામાંથી બહારનો રસ્તો બતાવવાનો છે. દિલ્હી-પંજાબની સત્તાધારી પાર્ટી આમ આદમી પાર્ટી પણ ગુજરાતમાં સરકાર બનાવવાનો દાવો કરી રહી છે. ત્યારે આ ચૂંટણી કોણે બાજી મારી જાય છે અને કોના ભાગ્યમાં હાર આવે છે તે હવે જોવું રહ્યું.

# સતત ચોથા દિવસે સેન્સેક્સ-નિફ્ટીએ નવો રેકોર્ડ બનાવ્યો, બજાર ઐતિહાસિક સ્તર પર બંધ

મુંબઈ,

મંગળવારનું ટ્રેડિંગ સેશન ભારતીય શેર બજાર માટે ખુબ શાનદાર રહ્યું છે. સતત ચોથા દિવસે ભારતીય શેર બજારનો ઈન્ડેક્સ રેકોર્ડ સ્તરો પર પહોંચી ગયો. બીએસઈ સેન્સેક્સે ૩૮૩ પોઈન્ટના ઉછાળા સાથે ૬૨,૮૮૭ પોઈન્ટના ઐતિહાસિક સ્તરોને દિવસના ટ્રેડ દરમિયાન ટચ કર્યો તો એનએસઈનો નિફ્ટી ૧૧૬ પોઈન્ટના વધારા સાથે ૧૮૬૭૮ પોઈન્ટના લાઈફટામ હાઈ પર પહોંચ્યો હતો. પરંતુ બજાર બંધ થતાં પહેલા સેન્સેક્સ-નિફ્ટી પોતાના ઉપરી સ્તરોથી નીચે આવી ગયા હતા. તેમ છચાં પ્રથમવાસ સેક્સેક્સ ૧૭૭ પોઈન્ટના વધારા સાથે ૬૨,૬૮૧ તો નિફ્ટી ૫૫.૩૦ પોઈન્ટના વધારા સાથે ૧૮૬૧૮ પોઈન્ટ પર બંધ થયો છે. બંને ઈન્ડેક્સ પ્રથમવાર આ સ્તર પર બંધ થયા છે.

શેર બજારમાં આજે સૌથી મોટી તેજી એફએમસીજી સેક્ટરના શેરોમાં જોવા મળી છે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# સંતરામપુર નગરના ડબગરવાસ વિસ્તારમાં ગંદકીનું સામ્રાજ્ય


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, સંતરામપુર નગરમાં નવા ડબગરવાસ અને વિવિધ વિસ્તારોમાં ગંદકીનો સામ્રાજ્ય પાલિકા નગરવાસીઓની આવી વેદના સાંભળશે ખરી...? સંતરામપુર નગર પાલિકામાં ગુજરાત સરકાર માંથી સ્વચ્છતા માટે પેટ ભરીને રકમ ચૂકવવામાં આવે છે, પરંતુ નગરપાલિકાની અને બેદરકારીના કારણે સંતરામપુર નગરમાં રહેતા નગરવાસીઓને ભારે મુશ્કેલી. સંતરામપુર નગરમાં રહેતા નગરવાસીઓને પ્રાથમિક સુવિધા ન મળવાના કારણે આમની વેદનાને કોણ સાંભળશે સૌથી મોટો પ્રશ્ન ઉભો થયેલો છે. સંતરામપુર નગરમાં ૧૨ વર્ષથી ભુગર્ભ ગટરની કામગીરી હાથમાં લીધેલી અને તેને પૂર્ણ પણ કરવામાં આવી ઘરે ઘરે ચેમ્બરો આપવાની કામગીરી હાથ ધરાઈ પરંતુ હજુ સુધી પાલિકાએ મુગટ ગટરને સક્રિય બનાવવા માટે હજુ સુધી નિષ્ફળ ગયેલી છે. નવા ડબગરવાસમાં છેલ્લા છ માસથી ૫૦ ઉપરાંત મકાનો અને ૪૦૦ ની સંખ્યામાં રહીશો રહેતા હોય છે. પાલિકામાં સફાઈ માટે અને ગંદા પાણીનો નિકાલ કરવા માટે વારંવાર રજૂઆત કરવામાં આવી તેમ છતાં નગરપાલિકાના વોર્ડ નંબર-૬ અને દરેક વોર્ડના ચૂંટાયેલા સભ્યો અને પાલિકાના ચીફ ઓફિસર નગરને સ્વચ્છ રાખવામાં નિષ્ફળ ગયેલી છે. એક બાજુ ગટરો ઉભરાઈ રહી છે ત્યારે બીજી બાજુ ભૂગર્ભ ગટરના ચેમ્બર અને રોડ ઉપર પાણી વળેલું છે પરંતુ હજી સુધી કામગીરી કરવા તૈયાર જ નથી. આજ પરિસ્થિતિ સંતરામપુરના દરેક વિસ્તારોમાં જોવા મળી રહેલી છે. ઉભરાતી ગટરો રોડ ઉપર ગંદુ પાણી ફરી વળેલું મુખ્ય માર્ગ કચરાના ઢગલા દરેક જગ્યાએ પાલિકા સંતરામપુર નગરમાં સમયસર સફાઈ કરવામાં આવતી નથી. સ્વચ્છ રાખવામાં આવતું નથી. સૌથી મોટી અને સારી ગ્રાન્ટ ગુજરાત સરકાર તરફથી સ્વચ્છતા રાખવા માટે ચૂકવવામાં આવ્યા પછી પણ કામગીરી કરવામાં નિષ્ફળ ગયેલી છે પાલિકાનો વહીવટ દિન પ્રતિદિન ભંગાર થઈ રહ્યો છે. પાલિકાના ચીફ ઓફિસર જરા સંતરામપુરના દરેક વિસ્તારની વિગત કરે અને મુલાકાત લે તો ખબર પડે કે અને રહીશો કઈ પરિસ્થિતિમાં રહે છે અને હાલાકી ભોગવી રહેલા છે. તમામ લોકોને નગરજનોની રજૂઆતને નીવી મૂકી દીધી છે, પરંતુ લોકોના પ્રશ્નો અને રજૂઆતો સમસ્યાનો હલ કરવામાં નિષ્ફળ ગયેલી છે.

# દાહોદ જીલ્લા પોલીસે પ્રોહિબીશનના ગુન્હામાં ૨૪ કલાક ૧૩ ઈસમો વિરૂદ્ધ ફરિયાદ નોંધાઈ

દાહોદ, નાયબ પોલીસ મહાનિરીક્ષક પંચમહાલ ગોધરા રેન્જના ચિરાગ કોરડીયા તથા દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષક બલરામ મીણા ના ઓની સુચના અને માર્ગદર્શન ના આધારે આગામી વિધાનસભા ચૂંટણી ૨૦૨૨ મુક્ત ન્યાય અને શાંતિપૂર્ણ વાતાવરણમાં કોઈપણ જાતની રૂકાવટ વગર યોજાય તે માટે દાહોદ જિલ્લા પોલીસે ૨૬ નવેમ્બર-૨૦૨૨ ના રોજ ૨૪ કલાકમાં ગેરકાયદે પ્રવૃત્તિઓ કરતા ૧૩ ઈસમો વિરૂદ્ધ કલમ ૬૫ ઈ ૮૧,૯૮(૨) ૧૧૬ બી મુજબ ગુના દાખલ કરી મુદ્દા માલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગરબાડા તાલુકાના મીના ક્યાર ચેકપોસ્ટ ઉપરથી ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલો નંગ ૧૧૨૮ જેની કિંમત રૂપિયા-૧,૩૮,૬૦૦ તથા ગુનામાં ઉપયોગમાં લીધેલ વાહનની કિંમત રૂપિયા ૨,૫૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૩,૮૮,૬૦૦નો પ્રોહિબિશન મુદ્દા માલ સાથે દારૂની હેરાફેરી કરતાં નરસિંહભાઈ કચરાભાઈ જાતે માવી રહે.નઢેલાવ,પટેલ ફળિયા ઠેકા ઉપરથી માલ ભરી આપનાર તથા મનુભાઈ ઉદેસિંહ જાતે રાઠોડ રહે.કાલિયાવાડ,ખોબરા ફળિયુ તા.ધાનપુર જિલ્લો દાહોદ નાઓની સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. જેમાં નરસિંહભાઈ કચરાભાઈ માવીની દાહોદ જિલ્લા એસઓજી શાખા દાહોદના અધિકારી કર્મચારીઓને મળેલ બાદમીના આધારે રેડ કરી ઝડપી પાડી ધરપકડ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે જ્યારે ગરબાડા તાલુકાના નીમચ શેખ પોસ્ટ ઉપરથી ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલો નંગ ૪૮૦ જેની કિંમત રૂા.૭૧,૫૨૦ નંબર વગરની મોટર સાયકલ ઉપર બે અજાણ્યા ઈસમો લઈ જઈ રહ્યા હતા અને આ બાબતે એસ.ઓજી શાખા દાહોદ અધિકારી કર્મચારીઓને મળેલ બાતમીના આધારે ઝડપી લેવામાં આવેલ હોવાનું જાણવા મળે છે.

સાગટાળા પોલીસ સ્ટેશનના કર્મચારીઓ દ્વારા ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલો નંગ રૂા.૩,૧૪૪ જેની કિંમત રૂપિયા ૩,૫૭,૦૭૨ તથા ગુનાના ઉપયોગમાં લેવામાં આવેલ વાહન ની કિંમત રૂપિયા ચાર લાખ મળી કુલ રૂપિયા ૭,૫૭,૭૨ નો પ્રોહી મુદ્દા માલ બામરોલી મુવાડા ગામે થી આરોપી નામે કલસીંગભાઈ સુરસીંગભાઈ બારીયા રહે માંડવ તાલુકો દેવગઢ બારીયા જી દાહોદ તથા બોલેરો ગાડી જીજે- ૧૭.બીએ-૩૬૮૨ ના ચાલક ડ્રાઈવરનાઓને પકડી પાડી સ્થાનિક પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારીને મળેલ બાતમીના આધારે આ કામના આરોપીઓને રેડ કરી ઝડપી પાડી હસ્તગત કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હોવાનું જાણવા મળે છે. ચોથા પ્રોહીબીશનના કેસમાં ઝાલોદ તાલુકાના ગરાડુ ગામેથી વિદેશી બનાવટના દારૂની બોટલો નંગ ૩૦૮ જેની કિંમત રૂ ૨૮,૫૬૦ તથા ગુનાના ઉપયોગમાં લીધેલ વાહનની કિંમત રૂપિયા ૨૫૦૦૦ મળી કુલ રૂપિયા ૫૩,૫૬૦ નો મુદ્દા માલ જપ્ત કરવામાં આવ્યો છે અને તેના આરોપી નામે વિજયભાઈ બાબુભાઈ જાતે ગરાસીયા રહે.ગરાડુ કજેલી ફળિયા તા.ઝાલોદ જી.દાહોદ તથા રમેશભાઈ કીકાભાઈ જાતે મુનિયા રહે. ગરાડુ કચેરી ફળિયા તાલુકો ઝાલોદના ઓની જિલ્લા એલસીબી શાખા દાહોદના અધિકારી/કર્મચારીઓને મળેલ બાતમીના આધારે રેડ કરી ઝડપી પાડી હસ્તગત કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હોવાનું જાણવા મળે છે.

જ્યારે પાંચમા પ્રોહિબિશન કેસમાં ભાટ મુવાડી ગામના આરોપી બેન નામે ધારીકાબેન વિનુભાઈ ઉર્ફે વિનોદભાઈ લબાના તા. ફતેપુરા જી.દાહોદના ઓને ત્યાં રેડ કરી ઈંગલિશ દારૂની બોટલ નંગ – ૨૬૭ જેની કિંમત રૂપિયા ૩૪,૫૧૦ ના પ્રોહી મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવેલ હોવાનું જાણવા મળે છે. એલસીબી શાખા દાહોદના અધિકારી/કર્મચારીઓને મળેલ બાતમીના આધારે બલૈયા ગામેથી આ કામના આરોપીબેનને રેડ કરી ઝડપી પાડી હસ્તગત કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હોવાનું જાણવા મળે છે. આમ ગેરકાયદેસર પ્રોહિબિશનના કુલ કેસો ૩૮ જેમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ ના કેશો ૧૨ જેમાં બોટલો નંગ ૫૭૫૯ જેની કિંમત રૂપિયા ૬,૮૧,૭૮૪ તથા ગુનાના કામે વપરાયેલ બંને વાહનની કિંમત રૂા. ૬,૭૫,૦૦૦ તથા દેશી દારૂના કુલ ૨૨ કેસો ૧૦૭ લિટર જેની કિંમત રૂપિયા ૨૧૪૦ નો દેશી પ્રોહી મુદ્દા માલ પકડી પાડેલ તથા ચાર કેસો પીવાના કરેલ છે. જેમાં કુલ પ્રોહિ મુદ્દામાલ રૂપિયા ૧૩,૫૮,૯૨૪ નો મુદ્દા માલ જપ્ત કરવામાં આવેલ હોવાનું જાણવા મળે છે.

# વેજલપુરના રોહિતવાસ અને ભોઈવાડાના રહિશોએ ગંદકીના વિરોધમાં મતદાન બહિષ્કારના બેનરો લગાવ્યા


તસ્વીર : નુર બાલા, વેજલપુર

વેજલપુર, કાલોલ વિધાનસભા વિસ્તારમાં આવતાં વેજલપુર ગામના રોહિતવાસ અને ભોઈવાડા વિસ્તારમાં ગંદકીના પ્રશ્નો તેમજ વિકાસના નામે કોઈ કામ થતાં ન હોવાથી ચૂંટણી બહિષ્કારના બેનરો લાગ્યા. આ વિસ્તારમાં આપ પાર્ટીના ઉમેદવાર આવીને લોકોની સમસ્યા સાંભળી હતી.

કાલોલના વેજલપુર ગામના રોહિતવાસ અને ભોઈવાડા વિસ્તારના રહિશો ગંદકી અને વિકાસના કામોને લઈ અવારનવાર ગ્રામ પંચાયતમાં રજુઆતો તેમજ ગંદકી મુદ્દે આવેદનપત્ર પણ આપવામાં આવ્યા હોય તેમ છતાં આ વિસ્તારોમાં ગંદકીનો નિકાલ થયો નથી. વિધાનસભા ચુંટણીમાં ભાજપ કે કોંગ્રેસના ઉમેદવારો આ વિસ્તારની મુલાકાત લીધી નથી. જેને લઈ નારાજ આ વિસ્તારના રહિશોએ મતદાન બહિષ્કારના બેનરો લગાવ્યા છે. ત્યારે આ લોકોની સમસ્યા માટે આપ પાર્ટીના ઉમેદવાર મુલાકાત લઈને ગંદકીના વિડીયો વાયરલ કર્યો અને જો આપ પાર્ટીના સત્તા આવશે તો સમસ્યા દુર કરવામાં આવશે. વજેલપુર ભોઈવાડા અને રોહિતવાસના મતદારોએ ચુંટણી બહિષ્કાર કર્યો છે.

# ભગવા રંગથી રંગાયું લુણાવાડા



લુણાવાડા, લુણાવાડાની પવિત્ર ધરતી પર ૧૨૨ લુણાવાડા વિધાનસભાના ભાજપા ઉમેદવાર જીગ્નેશકુમાર સેવકના સમર્થનમાં ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથજીના નેતૃત્વમાં વિશાળ અને ઐતિહાસિક જાહેરસભાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં હજારોની સંખ્યામાં લુણાવાડાવાસીઓએ યોગી આદિત્યનાથજીનું સ્વાગત અને અભિવાદન કર્યું. જેમાં જિલ્લા પ્રમુખ દશરથભાઈ બારીયા, સાંસદ રતનસિંહ રાઠોડ, જિલ્લા મહામંત્રી રાવજીભાઈ પટેલ, પ્રદીપસિંહ રાઠોડ, મંડળ પ્રમુખો, પંચાયત પ્રમુખો, હોદ્દેદારઓ તથા હજારોની સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા.

# મહીસાગર જિલ્લામાં કે.એમ.દોશી હાઈસ્કૂલ બાકોર ખાતે મતદાન જાગૃતિ મેરેથોન દોડ યોજાઈ


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

મહીસાગર, વિધાનસભાની સામાન્ય ચુંટણી-૨૦૨૨ માં મતદાન કરવા માટે લોકોમાં જાગૃત્તિ કેળવવા અર્થે મહીસાગર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર ભાવિન પંડ્યાના માર્ગદર્શન હેઠળ મહીસાગર જિલ્લામાં વિવિધ પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી રહી છે. મહીસાગર જિલ્લાની શાળાઓ ખાતે વિદ્યાર્થીઓ અને શાળા પરિવારના સફળ સંકલન દ્વારા અવનવી પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી રહી છે.

જેમાં તાજેતરમાં અવસર લોકશાહીનો કેમ્પેઈન અંતર્ગત કે.એમ.દોશી હાઈસ્કૂલ બાકોર ખાતે મતદાર જાગૃતિ મેરેથોન દોડનુ આયોજન કરવામા આવ્યુ હતું. જેમાં મહત્તમ લોકોએ ભાગ લઈ મેરેથોન દોડને સફળ બનાવી હતી. આ ચૂંટણીમાં મહત્તમ મતદાન થાય અને દરેક નાગરિક સમાન અને સહર્ષ રીતે આ પ્રક્રિયાનો ભાગ બને એવા પ્રયાસો જિલ્લા ચૂંટણી તંત્ર મહીસાગર દ્વારા હાથ ધરવામાં આવી રહ્યા છે.


તસ્વીર : તુષાર દરજી, શહેરા

**શહેરા તાલુકાના ખાંડીયા ગામે આવેલ દાણ ફેક્ટરી પાછળ રમેશભાઈ નાનાભાઈ પરમારના ખેતરમાં આશરે ૮ ફૂટ લંબાઈ ધરાવતો અજગર આવી ચઢ્યો હતો. જેને લઈને આસપાસના સ્થાનિક લોકોમાં ભયનો માહોલ ફેલાયો હતો. ખેતરમાં અજગર આવી ચઢ્યો હોવાની જાણ સ્થાનિકો દ્વારા શહેરા વનવિભાગને કરવામાં આવતા શહેરા રેન્જ ફોરેસ્ટ ઓફિસર આર.વી.પટેલના માર્ગદર્શન હેઠળ ખાંડીયા રેન્જના ઈન્ચાર્જ જગદીશભાઈ અને મુક્ત જીવન ડિઝાસ્ટર મેનેજમેન્ટ એન્ડ રેસ્ક્યુ ટીમના મંજિત વિશ્વકર્માએ ખાંડીયા ગામે પહોંચી અજગરનું રેસ્ક્યુ કરી આશરે ૮ ફૂટ લાંબા અજગરને પડકી પાડી સહી સલામત રીતે વિજાપુરના જંગલમાં છોડવામાં આવ્યો હતો.**

# ૧૨૨ લુણાવાડા વિધાનસભાના કોંગ્રેસના ઉમેદવાર ગુલાબસિંહ ચૌહાણ દ્વારા પટ્ટણ ગ્રામ ખાતે મેનુ ફેસ્ટો લોન્ચ કરાયો



લુણાવાડા, હાલ ગુજરાત વિધાનસભાની ચૂંટણીના ગણતરીના દિવસો બાકી છે. ત્યારે મહીસાગર જિલ્લાની ૧૨૨ લુણાવાડા વિધાનસભાના ઉમેદવાર ગુલાબસિંહ ચૌહાણ દ્વારા જમા કોંગ્રેસ પાર્ટીના આઠ વચનોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ લોન્ચિંગમાં જિલ્લા પ્રમુખ સુરેશભાઈ પટેલ, પી.એમ.પટેલ પૂર્વ વિપક્ષ નેતા રાકેશભાઈ પંડ્યા, જિલ્લા કિસાન મોરચાના પ્રમુખ હર્ષદભાઈ પટેલ, લુણાવાડા તાલુકાના ઉપપ્રમુખ નરેશભાઈ પટેલ તેમજ કોંગ્રેસ પાર્ટીના હોદ્દેદારો કાર્યકરો ગામના સરપંચ મોતીભાઈ માછી સહિત ગામના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને તેઓ આ વખતે પરિવર્તન માટે દ્રઢ સંકલ્પ કર્યો હતો.

- પ્રત્યેક વ્યક્તિને ૧૦ લાખ સુધીની મફત સારવારની જવાબદારી રાજ્ય સરકારની રહેશે, દવાઓ વિનામૂલ્યે આપવામાં આવશે.
- ખેડૂતોનું રૂ. ૩ લાખ સુધીનું દેવું.
- માફ, વીજળીનાં બિલ હાફ, સામાન્ય વીજ વપરાશકારોને ૩૦૦ યુનિટ સુધી વીજળી મફત
- ૧૦ લાખ સરકારી નોકરીઓમાં યુવાનોની ભરતી કરવામાં આવશે. ૫૦ ટકા ઉપર નોકરીઓમાં મહીલાઓનો અધિકાર રહેશે.
- સરકારી નોકરીઓમાં કોન્ટ્રાક્ટ પદ્ધતિ સંપૂર્ણ.
- દૂધ ઉત્પાદકોને દરેક લીટર ઉપર ૫ રૂપિયાની સબસિડી આપવામાં આવશે, ગેસ સિલિન્ડર ૫૦૦ રૂપિયામાં આપવામાં આવશે.
- છેલ્લા ૨૦ વર્ષમાં થયેલા ભ્રષ્ટાચારની સ્કૂટિની થશે. ભ્રષ્ટાચાર વિરૂદ્ધ કાયદો લાવવામાં આવશે અને ગુનેગારોને જેલમાં નાંખવામાં આવશે.
- ગુજરાતમાં ૩૦૦૦ સરકારી અંગ્રેજી માધ્યમની સ્કૂલો ખોલવામાં આવશે. દિકરીઓ માટે ઊંઋથી ડઋસુધીની શિક્ષા સંપૂર્ણ મફત આપવામાં આવશે.



લોકશાહીને મજબુત બનાવવા દરેક મતદારો પોતાની ફરજ બજાવીને અચુક મતદાન કરે તે માટે જાગૃતી લાવવા શાળાના વિદ્યાર્થીઓ પણ પ્રયાસો કરી રહ્યા છે. સ્વીપ પ્રવૃત્તિ અંતર્ગત મહીસાગર જિલ્લાની શ્રી શારદા વિદ્યાલય આંબલિયાત ખાતે વિદ્યાર્થીઓ મતદાન જાગૃતિની થીમ આધારીત રંગોળી સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં શાળાના બાળકોએ ઉત્સાહભેર ભાગ લઈને રંગોળી દોરીને સંદેશ પાઠવ્યા હતા.

## આપની આજ.......

મેષ : આજનો દિવસ મધ્યમ ફળદાયી રહેશે. કાર્યસ્થળમાં નુકસાન ટાળવા માટે, તમે ખૂબ વિચારપૂર્વક નિર્ણય લેશો, જે ભવિષ્યમાં પરિસ્થિતિને મજબૂત બનાવશે. જોખમી કાર્યોથી દૂર રહો. મિત્રોના કારણે તમે નિરાશ થઈ શકો છો.

વૃષભ : આજે તમારા સારા કાર્યો તમારા અને તમારા પરિવારનું ગૌરવ વધારશે. તમને વ્યવસાયમાં તમારી નિર્ણય લેવાની ક્ષમતાનો લાભ પણ મળશે. ઘરના વડીલોના આશીર્વાદ પ્રેરણા આપશે.

મિથુન : જો તમારું પ્રમોશન અટકેલું છે તો આજે તમને કેટલીક માહિતી મળી શકે છે. આ સિવાય તમે વરિષ્ઠ અધિકારીને વાણીથી આકર્ષિત કરી શકશો. તમારા જીવનસાથીને કારણે તમને આર્થિક લાભ અને સન્માન મળશે.

કર્ક : આજે તમે બાળકોના શ્રેષ્ઠ વર્તન અને તેમની સફળતાથી આનંદ મેળવશો. તમારા માતા-પિતાના આશીર્વાદ લીધા પછી ઘરની બહાર નીકળો, તમને કોઈ ખાસ સફળતા મળશે. વિદ્યાર્થીઓએ એકાગ્રતા જાળવવા માટે વધુ મહેનત કરવી પડશે.

સિંહ : જો તમે વેપારી છો તો વ્યવસાયમાં કેટલાક નવા સકારાત્મક ફેરફારો થશે. નોકરી કરતા લોકોના અધિકારો વધશે, જે આર્થિક લાભ અને સન્માન આપશે. પરિવાર તરફથી પણ સારા સમાચાર મળશે.

કન્યા : જો કોઈ કેસ અથવા અન્ય કોઈ કાયદાકીય તપાસ ચાલી રહી છે તો સમય તમારા માટે અનુકૂળ નથી. વ્યવસાયમાં ઝડપી નિર્ણયો લેવામાં નિષ્ફળતા વિક્ષેપ અને કામ ગુમાવવાનું કારણ બની શકે છે.

તુલા : આજે તમે સ્વાસ્થ્યથી પરેશાન રહી શકો છો. રાજકારણ સાથે જોડાયેલા લોકોને લાભની સાથે નવી તકો મળશે. જો તમે કોઈપણ નાણાકીય સંસ્થા અથવા વ્યક્તિ પાસેથી લોન લેવા માગતા હો તો તે સરળતાથી ઉપલબ્ધ થશે.

વૃશ્ચિક : આજે શારીરિક શક્તિ અને ઉત્સાહ વધુ રહેશે, પરંતુ આવા બિનજરૂરી ખર્ચો સામે આવશે, જે ઈચ્છા ન હોવા છતાં મજબૂરી હેઠળ કરવા પડશે. ભાઈઓ અને બહેનોના સહયોગથી તમને માનસિક શાંતિ અને સુખ મળશે.

ધનુ : આજનો દિવસ ગુરુ પ્રત્યે નિષ્ઠા અને ભક્તિથી ભરેલો રહેશે. આ સમયમાં આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત થશે. તમારી બુદ્ધિ નવી શોધ કરવામાં વ્યસ્ત રહેશે, તમને અટકેલા પૈસા મળશે. કાર્યક્ષેત્રમાં સ્ત્રી ભાગીદાર તમારા કામથી પ્રભાવિત થશે.

મકર : નોકરી કરતા લોકોના અધિકારોમાં વધારો થવાની સાથે જવાબદારીઓ પણ વધશે. તમે તમારી વૈભવી વસ્તુઓ માટે નાણા બગાડી શકો છો. તમે દિલથી બીજાઓનું ભલું અને સેવા કરી રહ્યા છો.

કુંભ : આજે તમારે ખાસ ધીરજથી કામ લેવું જોઈએ કારણકે ઉતાવળમાં કરેલા કામને કારણે નુકસાન થવાની સંભાવના રહેશે. ભૌતિક સુખ-સુવિધાઓમાં વધારો થશે. જો તમારે નવી વસ્તુઓમાં વિનિમય કરવો હોય.

મીન : આજે કોઈ કિંમતી વસ્તુથી લાભની શક્યતા રહેશે. નોકરી કરતા લોકોના ક્રમ અને અધિકારોમાં વધારો થશે. દુશ્મનો તમારી હિંમત અને શક્તિ સામે નમી જશે.

# વિધાનસભા ચૂંટણી શા માટે ગુજરાતમાં સત્તા મેળવવા ભાજપને આટલી બધી તાકાત અજમાવવી પડી રહી છે?

અમદાવાદ, હિમાચલની ચૂંટણીમાં મોટા નેતાઓની જેટલી સક્રિયતા હતી એનાથી અનેક ગણી વધુ સક્રિયતા ગુજરાતમાં જોવા મળી રહી છે, શા માટે? કારણ કે ભાજપ માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની શાખનો પ્રશ્ન છે. જોકે કોંગ્રેસે અહીં શહેરી વિસ્તારોમાંથી લગભગ મેદાન છોડી દીધું છે, પરંતુ લાગે છે કે પંજાબ જેવો ચમત્કાર અહીં પણ થઈ શકે છે. ગુજરાતમાં ફ્રીનું ચલણ વધુ હોવાથી આપે ૩૦૦ યુનિટ મફત વીજળી, મહિલાઓને ૧૦૦૦ રૂપિયા પ્રતિ માસ અને ત્યાં બેરોજગારી ભથ્થું જેવાં પ્રોત્સાહનો આપ્યા છે. સૌ જાણે છે કે ગુજરાતમાં લોકો ૨૦ રૂપિયાનો સામાન મફતમાં લેવા માટે મોટી ગાડીઓમાં આવે છે. કતારોમાં ઊભા રહે છે અને મફતમાં માલ લઈ જાય છે. આ જેટલી કિંમતની વસ્તુઓ હોય છે એના કરતાં તો ગાડીમાં તેલ બળી ગયું હોય છે. આખરે આનો શું ફાયદો છે? જવાબમાં સાંભળવા મળે છે- તમારી વાત સાચી છે, પરંતુ અધિકાર છોડી શકાતો નથી. ત્યારે પણ કેટલાક પછાત વિસ્તારોને બાદ કરતાં શહેરોમાં છઈઁના ફ્રીની રેવડીનો ક્રેઝ દેખાતો નથી આપના લોકો કહેતા હતા કે અંડરકરંટ છે અને અમારી સરકાર બનશે, પણ આ અંડરકરંટ શું છે? શા માટે છે? તેમની પાસે આનો કોઈ જવાબ પણ નથી.

જ્યાં સુધી કોંગ્રેસની વાત છે ત્યાં સુધી અહીં ૪૦-૫૦ બેઠક પાક્કી માનવામાં આવે છે અને આ વખતે પણ પાર્ટીને સીટ મળશે, એ લગભગ નિશ્ચિત મનાય છે. ભારતીય જનતા પાર્ટી હંમેશાં રાજ્યનાં શહેરો પર પ્રભુત્વ ધરાવે છે, જે આ વખતે પણ દેખાઈ રહ્યું છે, પરંતુ ૧૨૭ સીટથી ઉપર જવું એના માટે પણ મુશ્કેલ છે.

કોંગ્રેસની વાત કરીએ તો અહીં એની ૪૦-૫૦ બેઠક પાક્કી માનવામાં આવે છે અને આ વખતે પણ તેમને આટલી બેઠક મળશે, એ લગભગ નિશ્ચિત મનાય છે. આ પહેલાં ૨૦૦૨માં ભાજપને ૧૨૩ સીટ મળી હતી અને બાદમાં ચારનો ઉમેરો થતાં એનો આંકડો ૧૨૭ પર પહોંચ્યો હતો. આ રેકોર્ડ તોડવો આ વખતે ખૂબ જ મુશ્કેલ લાગે છે. જ્યાં સુધી મુસ્લિમ મતદારોનો સવાલ છે, છઈઁની હાજરી હોવા છતાં તેમના મતોનું વિભાજન કરવું મુશ્કેલ છે, કારણ કે તેઓ પણ હવે એટલા ચતુર અને હોશિયાર બની ગયા છે કે તેઓ મતોના ભાગલા પાડીને ભાજપને જીતવાની તક આપવા માગતા નથી. ૨૦૦૨માં ભાજપને ૧૨૩ બેઠક મળી હતી અને બાદમાં ચારના ઉમેરા સાથે એનો આંકડો ૧૨૭ પર પહોંચ્યો હતો. આ રેકોર્ડ તોડવો આ વખતે ખૂબ જ મુશ્કેલ લાગે છે.

જે ગામડાંમાં વર્ષોથી કોંગ્રેસનું વર્ચસ્વ દેખાઈ રહ્યું છે ત્યાં આપ ચોક્કસપણે છાનીમાની કામ કરી રહી છે. આવી મોટા ભાગની બેઠકો પર કોંગ્રેસ અને કેટલીક બેઠકો પર ભાજપને નુકસાન થવાની પ્રબળ શક્યતા છે. આપની ગુજરાતમાં ગમે તેટલી બેઠકો આવે, એના માટે આ ફાયદો જ છે, કારણ કે અહીં નીચલા સ્તરે જમીન તૈયાર થઈ રહી છે. કદાચ એક-બે ચૂંટણી બાદ તેમને ગુજરાતમાં મોટો ફાયદો મળી શકે છે. હાલ તો એવું લાગી રહ્યું છે કે તે રાજ્યમાં ત્રીજા નંબરે રહેશે.

દરમિયાન વિધાનસભાની ચૂંટણીના પ્રથમ તબક્કાનું મતદાન ૧ ડિસેમ્બરના રોજ છે ત્યારે આજે સાંજે પ્રચાર પડઘમ પણ શાંત થઈ ગયા છે ત્યારે ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલ રાજકોટ દોડી ગયા છે અને કમલમમાં ઉમેદવારોએ કરેલા કામનો રિપોર્ટ મેળવ્યો હતો. બાદમાં જૂથવાદ અને નારાજગીને ડામવા રાજકોટ જિલ્લાના ભાજપના દિગ્ગજ નેતાઓ સાથે સમીક્ષા બેઠક શરૂ કરી હતી. પહેલાં રાજકોટની ચાર બેઠક માટે સમીક્ષા બેઠક યોજાઈ હતી, બાદમાં ગ્રામ્યની ચાર બેઠક માટે સમીક્ષા બેઠક યોજાઈ હતી. જો કે, બેઠક પહેલા પાટીલે જણાવ્યું હતું કે, ઉમેદવારોએ કરેલા કામનો રિપોર્ટ મેળવવા આવ્યો છું. બેઠક બાદ જરૂરી માર્ગદર્શન પણ આપવામાં આવશે.

પાટીલે વધુમાં જણાવ્યું હતું કે, સવારે દ્વારકા બાદ રાજકોટ આવ્યો છું. રાજકોટ બાદ ભરૂચ પહોંચી સમીક્ષા બેઠક યોજવામાં આવશે. મતદાનને એક જ દિવસ બાકી છે ત્યારે વધારે કહેવું યોગ્ય નથી. પરંતુ ભાજપના કાર્યકર્તાઓએ મતદાતા સાથે સંપર્ક બનાવ્યો છે. ગુજરાત અને દેશનું ભવિષ્ય જેના હાથમાં સુરક્ષિત છે તેવા વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર લોકોએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

પાટીલે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાત વિધાનસભાની ચૂંટણીનું પહેલા તબક્કાનું મતદાન ૧ ડિસેમ્બરના રોજ છે. આજે સાંજે પ્રચાર પણ બંધ થઈ જશે. એટલે અમારા ઉમેદવારો પાસે કાઈ કરવાનું બાકી હોય અને કાર્યકર્તાઓએ જે તૈયારી કરી હોય તેની એક સમીક્ષા બેઠક રાખી છે. કોઈ સમસ્યા હોય તો હલ કેવી રીતે લાવી શકાય તેના પ્રયત્નો કરવામાં આવશે. અહીંની તૈયારી છે તે રાજ્યના અન્ય જિલ્લામાં પણ કરી શકાય છે.

રાજકોટ જિલ્લાની બેઠકોની સમીક્ષા બેઠક સી.આર. પાટીલ, ગુજરાત પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો.ભરત બોઘરા, ભીખુભાઈ દલસાણિયાની અધ્યક્ષતામાં યોજાઈ હતી. જેમાં રાજકોટ શહેર અને જિલ્લા ભાજપના પ્રમુખો, રાજ્યસભાના સાંસદ રામ મોકરિયા, રાજકોટના સાંસદ મોહન કુંડારિયા, ધારાસભ્ય ગોવિંદ પટેલ, લાખા સાગઠિયા, અરવિંદ રૈયાણી, તમામ બેઠકના નિરીક્ષકો, તમામ બેઠકના ઈન્ચાર્જ અને સંગઠનના હોદ્દેદારો હાજર રહ્યા છે. રાજકોટ શહેર અને જિલ્લાની આઠ બેઠકમાંથી ૪ બેઠક પર ભાજપ માટે ચિંતાનો વિષય બન્યો હોય તેવું જાણવા મળ્યું છે. જેમાં રાજકોટ પૂર્વ, રાજકોટ ગ્રામ્ય, જસદણ અને ધોરાજી બેઠકનો સમાવેશ થાય છે. બે દિવસ પહેલા જ ડો.ભરત બોઘરાને રાજકોટ શહેરની ચારેય અને જસદણ બેઠકના ચૂંટણી ઈન્ચાર્જ બનાવ્યા છે. ત્યારે પાટીલની અધ્યક્ષતામાં યોજાયેલ સમીક્ષા બેઠકમાં બોઘરા સાથે ડેમેજ કંટ્રોલની ચર્ચા થયાનું જાણવા મળ્યું છે.

# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર


# મોરવા (હ) વિધાનસભા બેઠક ઉપર કોંગ્રેસ, ભાજપ અને આપ વચ્ચે ત્રિપાંખીયો જંગ ખેલાશે

## મોરવા(હ) બેઠક ઉપર એસ.ટી. અને ઓબીસી નિર્ણાયક રહેશે

મોરવા(હ), પંચમહાલ જીલ્લાની મોરવા(હ) વિધાનસભા બેઠક ઉપર ત્રિપાંખીયો જંગ જોવા મળી રહ્યો છે. મોરવા(હ) બેઠક ઉપર કોંગ્રેસ પાર્ટી દ્વારા સ્નેહલતાબેન ગોવિંદભાઈ ખાંટને ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. સ્નેહલતાબેનનો પરિવારના બે સભ્યો બે વિધાનસભાની ચુંટણી વિજેતા બની ચુક્યા છે અને મોરવા(હ) વિસ્તારના મતદારો સાથે નિષ્ટતા ધરાવે છે. ભાજપ પાર્ટી દ્વારા નિમિષાબેન મનહરભાઈ સુથારને રીપીટ કરવામાં આવ્યા છે. મોરવા(હ) બેઠક ઉપર થી બે પેટા ચુંટણીમાં વિજેતા બન્યા છે. ભાજપની સરકારમાં મંત્રી પદે રહી ચુકયા છે. હાલ મતદારો સમક્ષ શિક્ષણ જેવા ક્ષેત્રમાં સારી એવી કામગીરી સાથે અને વિકાસના કામો કર્યા હોવાનો મતદારો સમક્ષ પ્રચારમાં કરી રહ્યા છે. આમ આદમી પાર્ટીના ઉમેદવાર તરીકે ભાણાભાઈ મનસુખભાઈ ડામોર મેદાનમાં ઉતર્યા છે. તે સમાજ સેવક તરીકેની સારી કામગીરી કરી રહ્યા છે. પ્રજા વિજય પક્ષના ઉમેદવાર મછાર ચંદ્રકાન્તભાઈ હિરાભાઈ મેદાનમાં છે. મોરવા(હ) બેઠક ઉપર હાલ ત્રિપાંખીયો જંગ જામ્યો છે.

મોરવા(હ) વિધાનસભા વિસ્તારની સમસ્યાની વાતો કરીએ તો આ વિસ્તારમાં રોડ રસ્તાનો અભાવ આરોગ્યલક્ષી પુરતી સુવિધાનો અભાવ, ડુંગરાળ વિસ્તારમાં પીવાના પાણી અને સિંચાઈના પાણીની ભારે સમસ્યા છે. મોરવા(હ) વિસ્તારમાં રોજગારીના અભાવે રોજી રોટી માટે લોકોને બીજા શહેરોમાં સ્થળાંતરીત અને હિજરત કરવી પડે છે. ખેતી માટે ચોવીસ કલાક વિજળી જરૂરીયાત પુરી કરવા માટે મુખ્ય માંગ છે.

### મોરવા(હ) વિધાનસભાના મતદારો

પુરૂષ મતદારો : ૧,૧૪,૫૯૭૮
સ્ત્રી મતદારો : ૧,૧૧,૫૫૧
કુલ મતદારો : ૨,૨૬,૧૪૯

### જાતિય આધારીત સમીકરણ

ઓબીસી : ૯૦,૬૪૯
એસ.ટી. : ૧,૧૩,૩૯૯
પટેલ : ૪,૨૭૫
લઘુમતી : ૧,૩૮૭
એસ.સી. : ૫,૯૨૦
બ્રાહ્મણ : ૩૩૫
રાજપૂત ક્ષત્રિય : ૧,૨૨૯
અન્ય : ૮,૯૩૧

મોરવા(હ) વિધાનસભા બેઠક ઉપર ૧,૧૪,૫૯૭ પુરૂષ મતદારો, ૧,૧૧,૫૫૧ સ્ત્રી મતદારો મળી કુલ ૨,૨૬,૧૪૯ મતદારોના હાથમાં મતદારોનું ભાવિ છે. હાલ મોરવા(હ) બેઠક ઉપર ભાજપ, કોંગ્રેસ અને આપ પાર્ટી પોતાની જીતના દાવાઓ કરી રહ્યા છે. મોરવા(હ) બેઠક ઉપર આદિવાસીનો મુદ્દા ઉપર મતદારોની અસર શું રહેશે તે જોવાનું રહેશે. આ બેઠક ઉપર એસ.ટી. મતદારો ૧,૧૩,૩૯૯, ઓ.બી.સી. ૯૦,૬૪૯ મતદારો નિર્ણાયક ભૂમિકા ભજવશે.

# મોરવા(હ) બેઠકના કોંગ્રેસના ઉમેદવાર સ્નેહલતાબેન ખાંટને મતદારો તરફથી મળતા અભૂતપૂર્વ આવકાર



ગોધરા, મોરવા(હ) વિધાનસભા બેઠક ઉપર કોંગ્રેસના ઉમેદવાર ખાંટ સ્નેહલતાબેન ગોવિંદકુમારનો પરિવાર રાજકારણ સાથે જોડાયેલ છે. સાથે સમાજ સેવામાં આગળ પડતું કામ કરતાં રહ્યા છે. મોરવા(હ) બેઠક ઉપર ૨૦૧૨માં સવિતાબેન ખાંટ અને ૨૦૧૭માં ભુપેન્દ્ર ખાંટ કોંગ્રેસના ઉમેદવાર તરીકે વિજેતા બની ચુક્યા છે. ત્યારે કોંગ્રેસ પાર્ટી દ્વારા ખાંટ પરિવારના પુત્રવધૂને કોંગ્રેસના ઉમેદવાર બનાવ્યા છે. કોંગ્રેસના પ્રચાર દરમિયાન મતદારો તરફ થી આવકાર મળી રહ્યો છે.

મોરવા(હ) બેઠકના કોંગ્રેસ ઉમેદવાર સ્નેહલતાબેન ખાંટ પોતાની ચુંટણી સભામાં ખેડુતોનું ૩ લાખ રૂપીયા સુધીનું દેવું માફ કરવા તેમજ વિજળી બીલ માફ કરવા, સામાન્ય વીજ વપરાશકારોને ૩૦૦ યુનિટ સુધી મફત વિજળી, દુધ ઉત્પાદકો માટે કોંગ્રેસ પાર્ટી દ્વારા વચન આપવામાં આવ્યું છે કે દરેક લીટર ઉપર ૫ રૂપીયા સબસીડી આપવામાં આવશે. સાથે છેલ્લા ૨૭ વર્ષમાં જે ભ્રષ્ટાચારો થયા છે. તેની તૃષ્ટી થશે અને ભ્રષ્ટાચાર વિરૂદ્ધ કાયદો લાવવામાં આવશે અને ગુનેગારોને જેલમાં નાખવામાં આવશે. તેવા કોંગ્રેસ પાર્ટી દ્વારા વચનો આપવામાં આવ્યા છે. જો કોંગ્રેસ પાર્ટી સત્તામાં આવતા ૮ વચનો પુરા કરશે. તેવી ખાતરી આપી રહ્યા છે. ત્યારે સ્નેહલતાબેન ખાંટને મતદારો તરફથી મળી રહેલા આવકાર અને વર્ષોથી મોરવા(હ) બેઠકનું ગણિત જોતાં પોતાની જીતનો વિશ્વાસ વ્યકત કરી રહ્યા છે.

# ગોધરા વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવારના પ્રચાર માટે યોગી આદિત્યનાથે રોડ શો અને સભા સંબોધી




**- કોંગ્રેસ અને આપ ઉપર આકરા પ્રહાર કર્યા.**

**- ગોધરાના બલિદાન બાદ દેશમાં પરિવર્તન આવ્યું : યોગી આદિત્યનાથ.**

ગોધરા, ગોધરા વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવારના પ્રચાર માટે યુ.પી.ના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે રોડ શો કરી સભાને સંબોધન કર્યું. રેલીમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

ગોધરા વિધાનસભા બેઠક ભાજપના ઉમેદવાર સી.કે.રાઉલજી માટે મત માંગવા માટે ભાજપના સ્ટાર પ્રચારક અને યુ.પી.ના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ ગોધરા ખાતે આવ્યા હતા. સરદાર નગર ખંડ થી ગાંધી ચોક થઈ લાલ બાગ ટેકરી મેદાન ખાતે પહોંચ્યા હતા. લાલબાગ ટેકરી ખાતે જનસભાનું સંબોધન કરતાં કોંગ્રેસ અને આપ પાર્ટી ઉપર આકરા પ્રહાર કર્યા હતા. યોગીએ ગોધરાને રામ મંદિર માટે બલિદાન આપનારની ધરતી કહી હતી સાથે ગોધરાના બલિદાન બાદ દેશમાં પરિવર્તન આવ્યું છે. ગુજરાતમાં સર્વે મુજબ ભાજપની મોટી જીત થનાર છે. એમ જણાવ્યું છે.

# શહેરા તાલુકાના બોરીયા ગામ નજીક ભાજપના પ્રચાર માટે નીકળેલા વાહનો પર બે થી ત્રણ ઈસમો દ્વારા પથ્થર મારો : બે વાહનોના કાચ તૂટ્યા



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા, શહેરા તાલુકામાં ભાજપ દ્વારા વિકાસના ગરબાનો કાર્યક્રમ નામથી ભાજપનો ચૂંટણી પ્રચાર કરવામાં આવી રહ્યો છે. સોમવારના રોજ તાલુકાના પાનમ ડેમ વિસ્તારમાં આવેલ ઉંડારા, મોર, બોરીયા, આસુંદરિયા તેમજ કોઠા જેવા ગામોમાં લાભી ગામના ભાજપ કાર્યકર દિનેશ પરમાર તેમજ અન્ય ભાજપના કાર્યકરો ડીજે સહિત પાંચ થી છ વાહનો લઈને ભાજપના વિકાસના ગરબાના કાર્યક્રમ અર્થે ગયા હતા અને તેઓ પ્રચાર કાર્યક્રમ પૂર્ણ કરી ભાજપના કાર્યકરો વાહનો લઈ પરત શહેરા તરફ આવી રહ્યા હતા. તે સમયે બોરીયા ગામ નજીક એક બાઈક ઉપર ચાલક પોતાની બાઈક પૂરઝડપે અને બેફામ રીતે ચલાવી ઓવરટ્રેક કરી બાઈક ઉપર સવાર ત્રણ જેટલા ઈસમોએ કિકિયારીઓ કરી ભાજપના પ્રચાર અર્થે નીકળેલા વાહનો પર પથ્થર મારો કર્યો હતો. ત્યારબાદ તેઓ ત્યાંથી ભાગી ગયા હતા. આ પથ્થર મારાના બનાવમાં ભાજપના કાર્યકરોના વાહનો પૈકી સ્કોર્પિયો અને બોલેરો ગાડીના આગળના કાચ તૂટ્યા હતા. જોકે, સદ્દનસીબે કોઈને ઈજા થવા પામી ન હતી. આ પથ્થર મારો કોઠા ગામના દિનેશ વેલજીભાઈ પારગી નામના ઈસમ તેમજ બે ઈસમો દ્વારા કરાયો હોવાનું સામે આવ્યું હતું. બીજી તરફ આ બનાવ બન્યો તે પહેલા આસુંદરિયા ગામે ભાજપના કાર્યકરો પ્રચાર અર્થે ગયા હતા. ત્યાં પણ નિલેશ પારગીએ મારૂતિ સ્વીફ્ટ લઈ આવી ભાજપના કાર્યકરોને તમો કેમ માણસોને લઈને ફરો છો એમ કહી માં બહેન સમાણી ગાળો બોલી હું તમોને જોઈ લઈશ, હું કોંગ્રેસનો લીડર છું અને તમોને એકેયને છોડુ નઈ, જો તમે આ કામ ચાલુ રાખશો તો તમોને પતાવી દઈશું એવી ધમકીઓ આપી હોવાનું પણ સામે આવ્યું હતું. તો આ સમગ્ર મામલો પોલીસ મથકે પહોંચતા ભાજપના કાર્યકર દિનેશ હીરાભાઈ પરમાર દ્વારા વાહનો પર પથ્થર મારો કરનાર નિલેશ પારગી તેમજ અન્ય વ્યક્તિઓ સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. ઉલ્લેખનીય છે કે, વિધાનસભાની ચૂંટણીની શરૂઆતમાં ભાજપ કાર્યકર પર હુમલો થતા પીએસઆઈ દ્વારા એક રાઉન્ડ હવામાં ફાયરિંગ કરવામાં આવ્યું હતું. જ્યારે હવે ભાજપના પ્રચાર અર્થે નીકળેલા બે વાહનો પર પથ્થર મારીને કાચ તોડી નાખવામાં આવતા આ વખતની ચૂંટણી ભારે રસાકસી ભરી બનવા સાથે કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પોલીસ તંત્ર પણ આ વિધાનસભામાં વિસ્તારમાં લોખંડી બંદોબસ્ત ગોઠવે તેવી શક્યતાઓ જોવા મળી રહી છે.

**સમગ્ર મામલો પોલીસ મથકે પહોંચતા પોલીસે ત્રણ સામે ફરિયાદ નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથધરી છે**

# હાલોલ વિધાનસભા બેઠકના ભાજપ ઉમેદવાર જયદ્રથસિંહ પરમાર દ્વારા મત વિસ્તાર માટે કરેલ વિકાસના કામો થકી મતદારોમાં આગવી છાપ ઉભી કરી છે

## જયદ્રથસિંહ પરમારને મતદારો દ્વારા અભૂતપૂર્વ આવકાર મળી રહ્યો છે



ગોધરા, હાલોલ વિધાનસભા બેઠક ઉપર ભાજપના ઉમેદવાર જયદ્રથસિંહ પરમાર સતત હાલોલ બેઠક ઉપર જીતતા આવ્યા છે અને સરકારમાં મંત્રી પણ રહી ચુક્યા છે. જયદ્રથસિંહ પરમાર હાલોલ વિધાનસભા બેઠકના મતદારોમાં સારી એવી લોક ચાહના ધરાવતા લોકમાન્ય નેતામાં ગણના થાય છે.

હાલોલ વિધાનસભા બેઠક ઉપર થી ભાજપના ધારાસભ્ય અને મંત્રી પદ ઉપર રહેવા દરમિયાન હાલોલના વિકાસલક્ષી કામો ઉપર ખૂબ ખંત પૂર્વક કામ કર્યા છે. પાવાગઢ સુપ્રસિદ્ધ યાત્રાધામ શકિતપીઠ ખાતે આવતાં દર્શનાર્થીઓની સુખાકારી અને વિકાસ માટે ગુજરાત સરકાર માંથી અંદાજીત ૧૭૫ કરોડ જેવી રકમ મંજુર કરાવી પાવાગઢ ડુંગર તેમજ મંદિર પરિસરમાં પાણીની વ્યવસ્થા માટે નર્મદાજીનું પાણી તળેટી થી પાવાગઢ મંદિર સુધી પહોંચાડવા માટે ૧૫૪.૩૦ લાખ રૂપીયા મંજુર કરાવ્યા છે. પાવાગઢ માતાજીના દર્શન માટે આવતાં દર્શનાર્થીઓની સુવિધા માટે પાવાગઢ તળેટી થી માંચી સુધી ફોર–વેના રસ્તાના કામ ૫૪ કરોડના ખર્ચે નિર્માણ કરવામાં આવ્યા. હાલોલ જ્યોતિ સર્કલ થી પાવાગઢ તળેટી સુધી ફોર લેન રસ્તો તથા પાવાગઢ આવતાં પગપાળા યાત્રાળુઓ માટે ફુટપાથનું કામ પણ પૂર્ણ કરવામાં આવેલ છે. જ્યારે પાવાગઢ ડુંગર ઉપર અન્નક્ષેત્ર અને ડોરમેટરી હોવાનું કામ જે પ્રગતિમાં છે. આમ, હાલોલના ધારાસભ્ય પદે ચુંટાયેલા જયદ્રથસિંહ પરમાર દ્વારા તેમના દ્વારા વિકાસ માટે થયેલ કામો તેમના મત વિસ્તાર માટે સંવેદનશીલતાને મતદારો ભુલી શકે તેમ નથી.

# કાલોલ બેઠક ઉપર ડિપોઝિટ માટે હવાત્યા મારતા વિપક્ષોનો ભ્રામક પ્રચાર



કાલોલ, પંચમહાલ જિલ્લાની કાલોલ વિધાનસભા ભાજપનો ગઢ છે. કાલોલ ભાજપનું સંગઠન અને કાર્યકરોનો જોટો ગુજરાતમાં ક્યાંય જડે તેમ નથી. ભાજપ સંગઠન અને કાર્યકરો આ વખતે ખૂબ જ ઉત્સાહ પૂર્વક કામ કરી રહ્યા છે અને તેમનું લક્ષ્ય છે. કાલોલ બેઠક ભાજપને ગુજરાતમાં સૌથી મોટી લીડ થી જીતાડી વડાપ્રધાન નરેન્દ્ર મોદીને કાલોલ બેઠક ભેટ આપવી તેના માટે તમામ મોરચા ઘરે–ઘરે ફરી પ્રચાર કરી રહ્યા છે. ત્યારે વિરોધ પક્ષોમાં કોઈપણ જાતનું સંગઠન દેખાતું નથી. ગ્રામ્ય વિસ્તારોમાં મિટિંગમાં કોઈ આવતું નથી. જ્યારે ચારે તરફ ભાજપ ભાજપ અને ભાજપનો સર્વત્ર કેસરિયો દેખાઈ રહ્યું છે. તેવામાં વિરોધ પક્ષોએ પોતાની ડિપોઝિટ બચાવવા મથી રહ્યા છે અને ભાજપ સંગઠનને તોડવાને પ્રયત્ન કરી રહ્યા છે. કાલોલ ભાજપનું સંગઠન એવું છે કે જે ઘરે ઘરે અને દરેક મતદાર સુધી પહોંચ્યું છે. યુવા મોરચા, બક્ષીપંચ મોરચા, મહિલા મોરચા જિલ્લા, તાલુકા પંચાયતના સભ્યો સરપંચો તેમજ યુવાનો જોરશોર થી ભાજપ અને કેસરિયા સિંહનો પ્રચાર થઈ રહ્યો છે. કાલોલ વિધાનસભા એક તરફી બની છે. ત્યારે વિરોધી પાર્ટીઓના ભૂતકાળો એવા છે કે કયા મોઢે પ્રજા સમક્ષ જવું તેમના નજીકના પરિવારજનો પણ ભાજપના પ્રચારમાં છે. તેવામાં કોઈ મુદ્દો ન જણાતા ફતેસિંહ ચૌહાણને આયાતી ઉમેદવાર ગણાવી રહ્યા છે. ત્યારે અન્ય ફતેસિંહ ચૌહાણ કાલોલ મત વિસ્તારના જ ઉમેદવાર છે. જ્યારે ઉમેદવારનો મત કાલોલમાં નથી તથા ભાજપના ઉમેદવાર વિરૂદ્ધ ભ્રામક પ્રચાર કરી લોકોને ગેરમાર્ગે દોરી રહ્યા છે, પરંતુ મતદારો જાણી ગયા છે. ફતેસિંહ ચૌહાણ દૂર નહીં પણ મતદારોના દિલમાં છે. વડાપ્રધાન જેને ભગતના નામે ઓળખે છે તેવા ફતેસિંહ ચૌહાણ સેવાકીય કાર્યોમાં ૧૦૮ થી પણ ઝડપી છે. અત્યાર સુધી કાલોલ ભાજપના ઉમેદવારો સાથે ઘોઘંબા તાલુકાનો મતદાર વર્ગ કોઈપણ જાતના વાંધા વગર તેમની સાથે રહ્યો છે. ત્યારે આ વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નજીક ગણાતા અને ભગત તરીકે ઓળખાતા ફતેસિંહ ચૌહાણને ટિકિટ મળતા કાલોલ ભાજપ સંગઠનને પાર્ટીનો નિર્ણય માંથે ચડાવી કાલોલનું કમળ જંગલી લીડ થી જીતાડી વડાપ્રધાનને ભેટ આપવાના કામે અગાઉ કરતાં પણ બમણા જોર થી લાગી ગયા છે. ત્યારે ઈજ્જત રૂપી ડિપોઝિટ બચાવવા માટે વિરોધ પાર્ટીના ઉમેદવારો રીતસરના હવાત્યા મારી રહ્યા છે. તેઓ ખોટી અફવા અને ખોટા પ્રચારથી ડિપોઝિટ બચી જાય તેવા પ્રયાસ કરી રહ્યા છે.

કાલોલ સંગઠનના વિવિધ હોદ્દેદારો ભાજપ સાથે અને ફતેસિંહ ચૌહાણ સાથે છે. ઉમેદવાર કેટલા દુર છે તે કિલો મીટરથી નહીં મતદારો અને ઉમેદવાર વચ્ચેનો સ્નેહ ભર્યો સંબંધ નક્કી કરશે.

# હાલોલ તાલુકાની સરકારી શાળાના બે શિક્ષકો ખાનગી શાળાનું મેનેજમેન્ટ કરતાં હોવાના અહેવાલના પડઘા પડતાં બન્ને શિક્ષકો / એજન્ટ શિક્ષક મારફતે વહિવટ ચાલું રાખ્યો

હાલોલ, સરકારી પ્રાથમિક શાળા અભેટવાનાં પ્રાથમિક શિક્ષક ગુણવંત પટેલ તથા વિઠલપરા પ્રાથમિક શાળાના શિક્ષક વીરેન જોશીએ છેલ્લા છ મહિનાથી પોતાની સરકારી શાળાની નોકરી લાખો રૂપિયાનો પગાર લઈ કરતા ન હોય અને હાલોલની ખાનગી શાળા સરસ્વતી વિદ્યામંદિરનાં મેનેજમેન્ટની કામગીરી પોતાની પત્નીઓના નામે ૫૦ ટકાના કરાર કરીને કરી રહેલ છે. જેની પંચમહાલ સમાચારે ઝુંબેશરૂપે સીલસીલાબંધ વિગતો પ્રકાશિત કરતાં રાજ્ય શિક્ષણ વિભાગની સુચનાથી જીલ્લા શિક્ષણાધિકારી હરકતમાં આવતા તાત્કાલિક તપાસ કરવાની કાર્યવાહી કરેલ તથા પ્રાથમિક શિક્ષકોના અને ટ્રસ્ટીઓનાં જવાબો લેવામાં આવેલ,પરંતુ અમોને આધારભૂત રીતે જાણવા મળેલ છે કે આ પ્રાથમિક શિક્ષકો (૧) ગુણવંત પટેલ (૨) વીરેન જોશી લુણાવાડાનાં શિક્ષણ સંઘનાં તથા રાજકીય વગ ધરાવતા હોઈ તથા હાલોલ વિધાનસભાની ચુંટણીની ડયુટીમાં હોવા છતાં પણ રાજકીય વગના જોરે હાલમાં પણ આ સરસ્વતી વિદ્યામંદિર ખાનગી શાળામાં મેનેજમેન્ટની કામગીરી વિનોદરાવ જેવા કડક શિક્ષણ સચિવનો, ડીઈઓ પંચમહાલનો પણ કોઈ પણ પ્રકારનો ડર રાખ્યા વિના બિન્દાસ્ત પણે હાલમાં પણ આ શાળામાં પોતાના એજન્ટ શિક્ષક જીગ્નેશ પટેલ કે જે બીએડ ની લાયકાત પણ ધરાવતા નથી તેને ગુજરાતી માદયમનો પ્રિન્સીપાલ બનાવેલ છે તેનાં દ્વારા હાલમાં પણ ખાનગી સ્કુલના રેકર્ડ, જી.આર., પગાર, રોજે રોજના પીરીયડ ટાઈમ ટેબલ તથા એકે એક બાબતોનું રેકર્ડ સ્કુલની બહાર વીરેન જોશીના ઘરે લઈ જઈને ઘરેથી તેમના એજન્ટ શિક્ષક જીગ્નેશ પટેલ દ્વારા સ્કુલ મેનેજમેન્ટની ગેરકાયદેસર કામગીરી હાલમાં પણ વીના રોક ટોક ટ્રસ્ટીઓનાં સાથ સહકાર, મેળાપીપણા થી ખાનગી સ્કુલ મેનેજમેન્ટની કામગીરી (૧) ગુણવંત પટેલ, પ્રાથમિક શિક્ષક–અભેટવા (૨) વીરેન જોશી, પ્રાથમિક શિક્ષક–વિઠલપરા કરી રહેલ છે જો જીગ્નેશ પટેલ એજન્ટ શિક્ષકનાં મોબાઈલ કોલ ડીટેલ ચેક કરવામાં આવશે તો પણ સાચી વાત બહાર આવશે આથી તાલુકા જીલ્લામાં શિક્ષણનું સ્તર કેટલું ખડે ગયેલ છે તેનો જીવતો જાગતો પુરાવો છે તથા આ ટ્રસ્ટીઓએ પણ આ રાજકીય વગ ધરાવતા સરકારી પ્રાથમિક શિક્ષકોને બચાવવાના નિવેદન આપેલ છે અને પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી પણ તપાસનું નાટક કરીને આ દોષિત પ્રાથમિક શિક્ષકોને બચાવીને આ આખા પ્રકરણનું ભીનું સંકેલવાની કાર્યવાહી કરેલ હોઈ અને તેને કારણેજ આ બે સરકારી પ્રાથમિક શિક્ષકો (૧) ગુણવંત પટેલ, પ્રાથમિક શિક્ષક–અભેટવા (૨) વીરેન જોશી, પ્રાથમિક શિક્ષક–વિઠલપરા હાલમાં પણ આ ખાનગી સરસ્વતી વિદ્યામંદિર શાળાના મેનેજમેન્ટની કામગીરીઓ કરી રહેલ છે. જે ખુબજ ગંભીર તથા ગરીબ પ્રાથમિક શાળાના બાળકોના ભવિષ્ય સાથે ચેડા કરવા સમાન બાબત છે.

# શહેરાના ઉંમરપુર આંબાજેટી ગામેથી ૧૧.૯૮ લાખના ઈંગ્લીશ દારૂ સાથે બે ઈસમોને ઝડપ્યા

શહેરા, શહેરામાં વિધાનસભાની ચૂંટણીના ધમધમાટ વચ્ચે પોલીસે તાલુકાના ઉંમરપુર અને આંબાજેટી ગામેથી મોટા પ્રમાણમાં છુપાવી રાખેલો ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો પોલીસે ઝડપી પાડયો હતો. પોલીસે ૧૧ લાખ ૯૮ હજારનો વિદેશી દારૂ ઝડપી પાડી પાંચ ઈસમો સામે પ્રોહીબિશન હેઠળ ગુનો નોધિને બે ની ધરપકડ કરી હતી.

શહેરા વિધાનસભાની ચૂંટણીના માહોલ વચ્ચે પોલીસે લાખો રૂપિયાનો દારૂ ઝડપી પાડ્યો હતો પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ પોલીસ મથકના પી.આઈ.આર.કે. રાજપૂતને ખાનગી રાહે બાતમ મળી હતી કે ઉંમરપુર ગામના અર્જુનસિંહ ફતેસિંહ પરમાર અને દિલીપસિંહ જશવંતસિંહ મકવાણા આ બંને વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષી આંબાજેટી ગામે પટેલીયા ફળિયામાં રહેતો ગણપતભાઈ રત્નાભાઈ પટેલના રહેણાંક મકાનમાં તેમજ ઉંમરપુર ગામે નિશાળ ફળિયામાં રહેતા પૃથ્વીસિંહ મોહનસિંહ મકવાણાના મકાનની આગળ આવેલા જુના કુવાની બાજુમાં બનાવેલા પાણીના હોજની અંદર ઘાસના પૂળા ઢાંકીને મોટા પ્રમાણમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ છૂપાવી રાખ્યો છે, જેથી શહેરા પોલીસ સબ ઈન્સપેકટર એસ.એલ.કામોળ અને પોલીસ સબ ઈન્સપેક્ટર એસ.એમ.ડામોર સહિત અન્ય પોલીસ કર્મીઓએ સૌપ્રથમ આંબાજેટી પટેલીયા ફળિયામાં રહેતા ગણપત રત્નાભાઈ પટેલ તેમજ મંગુબેન ગણપતભાઈ પટેલના રહેણાંક મકાનમાં તપાસ કરતા ત્યાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂના ૧૮૦ એમ.એલ. ના કવાટરીયા નંગ–૭૧૦૪ જેની કિંમત રૂ.૮ લાખ ૫૨ હજાર ૪૮૦ નો મુદ્દામાલ મળી આવતા તેને કબ્જે કર્યો હતો. જ્યારે ઉંમરપુર ગામે નિશાળ ફળિયામાં રહેતા પૃથ્વીસિંહ મોહનસિંહ મકવાણા ઘરની આગળ આવેલા કુવાની બાજુમાં બનાવેલા હોજમાં છુપાવી રાખેલ ભારતીય બનાવટના વિદેશી દારૂના ૧૮૦ એમ.એલ. ના ક્વાટરીયા નંગ–૨૮૮૦ જેની કિંમત રૂ.૩ લાખ ૪૫ હજાર ૬૦૦ નો મુદ્દામાલ મળી આવતા શહેરા પોલીસે તેને પણ કબ્જે કર્યો હતો. તો રેઈડ દરમ્યાન આંબાજેટી ગામના ગણપતભાઈ રત્નાભાઈ પટેલ તેમજ મંગુબેન ગણપતભાઈ પટેલની પોલીસે ધરપકડ કરી હતી. જ્યારે ઉંમરપુર ગામના પૃથ્વીસિંહ મોહનસિંહ મકવાણા મળી આવ્યો ન હતો. રેઈડ દરમિયાન બંને ગામોમાં મળી કુલ ૧૧ લાખ ૯૮ હજાર ૮૦ નો મુદ્દામાલ પોલીસે કબ્જે લઈ કુલ પાંચ ઈસમો સામે પ્રોહીબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી બે ઈસમોની ધરપકડ કરી હતી જ્યારે અન્ય ત્રણ ઈસમોને ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી છે.

### આરોપીઓના નામ

૧. ગણપતભાઈ રત્નાભાઈ પટેલ, રહે.આંબાજટી
૨. મંગુબેન ગણપતભાઈ પટેલ, રહે.આંબાજટી
૩. અર્જુનસિંહ ફતેસિંહ પરમાર, રહે.ઉંમરપુર
૪. દિલીપભાઈ જશવંતભાઈ મકવાણા, રહે.ઉંમરપુર
૫. પૃથ્વીસિંહ મોહનસિંહ મકવાણા, રહે.ઉંમરપુર